# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 18-08-2024 સવારે : 7.45 થી 7.55

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ત્રીજી વોઇસ ઓફ ગ્લોબલ સાઉથ શિખર સમિટના સમાપનમાં ભારત વતી વ્યાપક વૈશ્વિક વિકાસ કોમ્પેક્ટનો પ્રસ્તાવ મૂક્યો છે.
- ✓ ઈન્ડિયન મેડિકલ એસોસિએશનની કોલકાતા ઘટના અંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો.
- ✓ કેન્દ્ર સરકારે આરોગ્યકર્મીઓની સુરક્ષા માટે ખાસ સુરક્ષા સમિતિની રચના કરી- આવી ઘટનાઓમાં 6 કલાકમાં જ FIR નોંધાવવાના આદેશ.
- ✓ વિદેશ મંત્રી એસ. જયશંકર આજે કુવૈતની સત્તાવાર મુલાકાતે જશે.
- ✓ આગામી 2-3 દિવસ સુધી દેશના પૂર્વ ભાગમાં ભારેથી અતિભારે વરસાદની હવામાન વિભાગની આગાહી કરી છે.

## *PM*

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારત વતી સંયુક્ત વૈશ્વિક વિકાસનો પ્રસ્તાવ મૂક્યો છે.**

**તેમણે કહ્યું કે પાયો ભારતની વિકાસ યાત્રા અને વિકાસ ભાગીદારીના અનુભવ પર આધારિત હશે. પ્રધાનમંત્રીએ ગઈકાલે ગ્લોબલ સાઉથ વર્ચ્યુઅલ સમિટના ત્રીજા સમાપન કાર્યક્રમના સંબોધનમા આ વાત કહી. તેમણે કહ્યું, આજની ચર્ચાએ સાથે મળીને આગળ વધવાનો માર્ગ મોકળો કર્યો અને વિશ્વાસ**

વ્યક્ત કર્યો કે ચર્ચા વૈશ્વિક દક્ષિણ રાષ્ટ્રો દ્વારા નિર્ધારિત લક્ષ્યો હાંસલ કરવાના પ્રયાસોને વેગ આપશે.

અગાઉ, પ્રધાનમંત્રી તેમની શરૂઆતની ટિપ્પણીમાં ગ્લોબલ સાઉથના રાષ્ટ્રોને એકબીજાની તાકાત બનવા માટે એક અવાજમાં એક થવાનું આહ્વાન કર્યું હતું. તેમણે અનિશ્ચિતતા અને પડકારોના વર્તમાન વૈશ્વિક વાતાવરણ અંગે ચિંતા વ્યક્ત કરી હતી

.................

## JAISHANKAR-KUWAIT VISIT

વિદેશ મંત્રી એસ. જયશંકર આજે કુવૈતની સત્તાવાર મુલાકાતે જઈ રહ્યા છે. તેઓ કુવૈતના વિદેશ મંત્રી અબ્દુલ્લાલ-અલી અલ-યાહ્યાને મળશે.

તે કુવૈતના ટોચના નેતૃત્વને પણ મળી શકે છે. ડૉ. જયશંકરની મુલાકાત બંને દેશોને રાજકારણ, વેપાર, રોકાણ, ઉર્જા, સુરક્ષા, સંસ્કૃતિ, મુત્સદ્દીગીરી અને જનસંપર્ક અને અન્ય ક્ષેત્રોમાં સંબંધોની સમીક્ષા કરવાની તક પૂરી પાડશે. બંને દેશો પારસ્પરિક હિતના આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર ચર્ચા કરશે અને પશ્ચિમ અને દક્ષિણ એશિયાની સમસ્યાઓના ઉકેલ અંગે પણ ચર્ચા કરશે.

.................

## IMA- PM LETTER

ઈન્ડિયન મેડિકલ એસોસિએશન એ આર જી કાર મેડિકલ કોલેજમાં બનેલી ઘટના અંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો છે અને આરોગ્ય કર્મચારીઓની સુરક્ષા માટે કેન્દ્રીય કાયદો લાવવા માટે માંગ કરી છે.

IMA એ માંગ કરી છે કે તમામ હોસ્પિટલોની સુરક્ષા પ્રોટોકોલ એરપોર્ટની જેવી હોવી જોઈએ. અને હોસ્પિટલોને સલામત ઝોન તરીકે જાહેર કરવામાં આવે

શ્રી મોદીને લખવામાં આવેલા પત્રમાં IMA એ ચોક્કસ સમયમર્યાદામાં ગુનાની ઝીણવટભરી અને વ્યાવસાયિક તપાસ અને ઝડપી ન્યાય માટે વિનંતી

કરી છે. વધુમાં શોકગ્રસ્ત પરિવાર માટે યોગ્ય અને સન્માનજનક વળતરની માંગ કરી છે

.................

## CENTRE - HEALTHCARE WORKERS SAFETY

કેન્દ્ર સરકારે આરોગ્ય કર્મચારીએની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે તમામ સંભવિત પગલાં ભરવા માટે એક સમિતિની રચના કરવાનો નિર્ણય લીધો છે.

સરકારે FORDA અને IMA સહિત વિવિધ આરોગ્ય સેવા હિતધારકો દ્વારા વ્યક્ત કરવામાં આવેલી ચિંતાઓને ધ્યાનમાં લીધા બાદ સરકારે આ નિર્ણય લીધો છે. તેણે રાજ્ય સરકારોને આ બાબતે સમિતિ સમક્ષ તેમના સૂચનો રજૂ કરવા કહ્યું છે.

શુક્રવારે કેન્દ્ર સરકારે એક નોટિસ બહાર પાડી હતી જેમાં સરકારી હોસ્પિટલોમાં આરોગ્ય સંભાળ રાખતા કર્મચારી સાથે થયેલા કોઈપણ મૌખિક દુર્વ્યવહાર અથવા શારીરિક હિંસા સામે છ કલાકની અંદર એફઆઈઆર નોંધવા માટે નિર્દેશ આપ્યો છે. સરકારે વધુમાં જણાવ્યું છે કે સંસ્થાના વડા નિર્ધારિત સમયગાળામાં એફઆઈઆર દાખલ કરવા માટે જવાબદાર રહેશે.

ઉલ્લેખનીય છે કે કોલકાતાની આર જી કાર મેડિકલ કોલેજમાં તાલીમાર્થી ડૉક્ટર સાથે થયેલા દુરવ્યવહાર અને દુષ્કર્મને લઈને સમગ્ર દેશમાં ભારે હોબાળો થતાં કેન્દ્ર સરકારે આ નોટિસ બહાર પાડી છે.

.................

## AMIT SHAH  TOMORROW SCEDUALE

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે અમદાવાદ મહાનગર પાલિકાના 1003 કરોડ રૂપિયાના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ તેમજ ખાતમુહૂર્ત કરશે. શ્રી શાહ આજે સવારે શહેરનાં થલતેજ ખાતે ઓક્સિજન પાર્ક અને તળાવનું લોકાર્પણ કરી કાર્યક્રમની શરૂઆત કરશે. ત્યારબાદ વેજલપુર મકરબા ખાતેથી મિશન થ્રી મિલિયન ટ્રી યોજના હેઠળ વૃક્ષારોપણ, મકરબા ખાતે નવનિર્મિત સ્વિમિંગ પુલ અને વ્યાયામશાળાનું લોકાર્પણ કરશે.

ત્યારબાદ પ્રહલાદનગરમાં અમદાવાદ મહાનગરપાલિકાના વિવિધ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ અને બોડકદેવ ખાતે CAA નાગરિકતા પ્રમાણપત્ર વિતરણનાં જાહેર કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત નારણપુરા વિધાનસભામાં નવનિર્મિત મામલતદાર કચેરીનું લોકાર્પણ અને સાંજે શ્રી શાહ સુભાષ બ્રીજ નજીક નારણપુરામાં કાર્યકર્તા સંમેલન યોજશે.

દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે આજે અમદાવાદ ખાતે ૧૮૮ વ્યક્તિઓને ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે.. જે વ્યક્તિઓએ પડોશી દેશોમાં દમનને કારણે ભારતમાં આશ્રય મેળવ્યો છે. તેમને નાગરિકતા પ્રદાન કરાશે.

પાકિસ્તાનના 22 વ્યક્તિઓ કે જેમણે દમનને કારણે ગુજરાતના સુરેન્દ્રનગર જિલ્લાનાં મુળી તાલુકાના સરલા ગામમાં આશ્રય મેળવ્યો હતો, તેમને પણ આ સમારોહમાં ગૃહમંત્રી અમિત શાહના હસ્તે ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર એનાયત કરાશે

..................

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

..................

## *WEATHER*

ભારતીય હવામાન વિભાગે આગામી 2-3 દિવસ સુધી દેશના પૂર્વ ભાગમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે.

હવામાન વિભાગે જણાવ્યું હતું કે દક્ષિણ બાંગ્લાદેશ ઉપરનો નીચા દબાણનો વિસ્તાર આવતીકાલ સુધીમાં ઉત્તર-ઉત્તર પશ્ચિમ તરફ આગળ વધે અને બાંગ્લાદેશને અડીને આવેલા ગંગાના પશ્ચિમ બંગાળ નજીક લો પ્રેશરની

સંભાવના છે. જેમને લઈ ગંગાના પશ્ચિમ બંગાળ, ઓડિશા, ઝારખંડ, બિહાર, ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળ, સિક્કિમ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં આ મહિનાની 20 તારીખ સુધી ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરાઈ છે. હવામાન વિભાગે પણ આગામી 2-3 દિવસ દરમિયાન કેરળ, તમિલનાડુ અને લક્ષદ્વીપમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે.

આ દરમિયાન, IMDએ જણાવ્યું હતું કે, દિલ્હીમાં આખા સપ્તાહ દરમિયાન સામાન્ય રીતે વાદળછાયું આકાશ અને હળવા વરસાદ પછી વરસાદ અથવા ગાજવીજ સાથે વરસાદની અપેક્ષા છે.

.................

## *RAJNATH SINH*

કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આજે ચેન્નાઇ ખાતે ભારતીય કોસ્ટ ગાર્ડનાં અત્યાધુનિક રેસ્ક્યુ કો-ઓર્ડિનેશન સેન્ટરનું ઉદ્ઘાટન કરશે.

તેમજ ચેન્નાઈમાં મરીન પોલ્યુશન રિસ્પોન્સ સેન્ટર અને પુડુચેરીમાં કોસ્ટ ગાર્ડ એર એન્ક્લેવનું પણ ઉદ્ઘાટન કરશે, જે દરિયાઈ પ્રદુષણ ઘટાડવા તેમજ દરિયાઈ સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે નિર્ણાયક સાબિત થશે. ઉદ્ઘાટન બાદ રાજનાથ સિંહના હસ્તે એમ કરુણાનિધિની જન્મ શતાબ્દીના સન્માનમાં એક સ્મારક સિક્કો પણ બહાર પાડવામાં આવશે.

.................

## *GOVT - FMD MUKT BHARAT*

કેન્દ્રીય મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રી રાજીવ રંજન સિંઘે રસીકરણ દ્વારા 2030 સુધીમાં પશુઓને પગ અને મોંઢામાં થતા રોગથી પશુઓને બચાવવા મુક્ત ભારતનો ધ્યેય હાંસલ કરવા લેવામાં આવેલા પગલાંની સમીક્ષા કરી હતી.

શ્રી સિંઘે ભારપૂર્વક જણાવ્યું કે પશુધન ક્ષેત્ર માત્ર ભારતીય અર્થતંત્ર માટે જ નહીં પરંતુ ખેડૂતોની આજીવિકા માટે પણ મહત્વપૂર્ણ છે.

બેઠક દરમિયાન, 2030 સુધીમાં ભારતને પશુઓને પગ અને મોંઢામાં થતા રોગથી મુક્ત બનાવવા માટેના એક્શન પ્લાન પર ચર્ચા કરવામાં આવી હતી. કેન્દ્ર સરકાર દ્વારા કર્ણાટક, તમિલનાડુ, આંધ્ર પ્રદેશ, તેલંગાણા, ઉત્તરાખંડ, પંજાબ, હરિયાણા, મહારાષ્ટ્ર અને ગુજરાત સહિતના રાજ્યોને આ રોગથી મુક્ત ઝોન બનાવવા માટે મૂલ્યાંકન હાથ ધરવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે પગ અને મોઢાના થતા રોગને કારણે દર વર્ષે લગભગ 24 હજાર કરોડ રૂપિયાનું નુકસાન થાય છે અને તેને નિયંત્રિત કરવાથી દૂધનું ઉત્પાદન વધશે.

શ્રી સિંહે ખુશી વ્યક્ત કરી હતી કે તમામ પ્રાણીઓની રસીઓ સ્થાનિક રીતે બનાવવામાં આવે છે અને હવે ભારત રસીની નિકાસ કરવાની હરોળમાં છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, ઘેટાં-બકરાંને પગ અને મોં ના રોગથી બચવા માટે રસીકરણની કામગીરી ઝડપી કરવામાં આવી છે. લદ્દાખમાં પહેલેથી જ રસીકરણ ચાલી રહ્યું છે.

..................

## *BADMINTON - JUNIOR C'SHIPS*

ચીનમાં મંગળવારથી શરૂ થનારી 15 અને 17 વર્ષથી ઓછી વયના બેડમિન્ટન ખેલાડીઓની ચેમ્પિયનશિપ માટે ભારતે 39 ખેલાડીઓની ટીમ મોકલી છે.

શ્યામ બિંદીગનવિલે અંડર-17 કેટેગરીમાં આ ટીમનું નેતૃત્વ કરી રહ્યો છે, જ્યારે તન્વી પાત્રી અંડર-15 કેટેગરીમાં ટીમનું નેતૃત્વ કરી રહી છે. શાઈના મનિમુથુ અંડર-17 સિંગલ્સ ઉપરાંત આઈક્યા શેટ્ટી સાથે ડબલ્સ પણ રમશે.

ટીમનો ધ્યેય બહુવિધ મેડલ જીતવા અને 2025 વિશ્વ જુનિયર ચેમ્પિયનશિપ માટે મજબૂત પાયો બનાવવાનો છે. ગયા વર્ષે ચીનમાં યોજાયેલી આ ચેમ્પિયનશિપમાં ભારતે એક-એક સુવર્ણ, રજત અને કાંસ્ય ચંદ્રક જીત્યો હતો. ઉલ્લેખનીય છે કે ભારત આવતા વર્ષે જુનિયર વિશ્વ ચેમ્પિયનશિપનું આયોજન કરશે.

..................

# *NEPAL FM VISIT INDIA*

નેપાળના વિદેશ મંત્રી ડૉ. આરઝુ રાણા દેઉબા આજથી પાંચ દિવસની ભારત યાત્રા પાર આવશે.

ભારતનાં વિદેશમંત્રી એસ. જયશંકરનાં આમંત્રણ પર ભારત આવનાર નેપાળનાં વિદેશ મંત્રી અંગે ભારતીય વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે, આ મુલાકાત ભારત અને નેપાળ વચ્ચેનાં દ્વિ-પક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવશે. નોંધનીય છે કે, નેપાળ ભારતની પાડોશી પ્રથમ નીતિમાં ભાગીદાર દેશ છે.

.................